| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૮/૦૭/૨૦૨૦ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૧૨૩/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૩૩૮ | ૫૫ | ૯૩૯૩ | ૧૫૩૯૬ | ૫૫ | ૧૫૪૫૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૨ | ૦ | ૪૨૬૨ | ૫૭૭૮ | ૦ | ૫૭૭૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૦૮૧૫ | ૬૦ | ૧૦૮૭૫ | ૧૧૫૩૧ | ૪૨ | ૧૧૫૭૩ |
| કુલ | | ૨૪૪૫૮ | ૧૧૫ | ૨૪૫૭૩ | ૩૨૯૦૮ | ૯૭ | ૩૩૦૦૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૩ | ૬,૮૩,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૫૧૯ | ૭,૦૩,૮૦૦/- |

# ઘરફોડ ચોરીના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :-

### ઘરફોડ ચોરીના બે અનડીટેક ગુનાઓ શોધી કાઢતી રામોલ પોલીસ ચોરીએ ગયેલ મુદ્દામાલ સોના ચાંદીના દાગીના તથા મોબાઈલ ફોન મળી કુલ્લે કીમત રૂપીયા ૬૩૫૦૦/- ના મુદ્દામાલ સાથે બે ઈસમો ઝડપાયા

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ:-૦૬/૦૬/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.બી.સોલંકી તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો અજયસિંહ પ્રતાપસિંહ બ.નં.૩૮૩૨ તથા પો.કો યોગીરાજસિંહ પ્રધ્યુમનસિંહ બ.નં.૧૧૮૫૭ નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે રામોલ માટલા સર્કલ ચાર રસ્તા ખાતે પંચો રૂબરૂ વોચ તપાસ કરતા આરોપીઓ નં.૧ મોહમદસાજીદ સ/ઓ મોહમદ યુનુસભાઈ મોહમદ અહેમદ શેખ ઉવ:૨૩ રહે:એ/૪ જશનગર જનતાનગર રામોલ અમદાવાદ શહેર તથા નં.૨ ફજલ સ/ઓ મોહમદસાબાન કલ્લુમીયા ખલીફા ઉવ:૧૯ રહે:જનતાનગર તલાવડી ના છાપરા રામોલ અમદાવાદ શહેર નાઓને પકડી રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૦૮૮૮-એ ઈપીકો કલમ ૩૮૦,૪૫૭ મુજબના કામે ચોરીએ ગયેલ મુદ્દામાલ સોના ચાંદીના દાગીના તથા રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૦૮૯૧-એ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના કામે ચોરીએ ગયેલ મુદ્દામાલ મોબાઈલ ફોન નંગ:૦૨ મળી કુલ્લે કીમત રૂપીયા ૬૩૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસર કાર્યવાહી કરી રામોલ પોલીસ સ્ટેશન ખાતેના ઉપરોક્ત બન્ને અનડીટેક ગુનાઓ શોધી કાઢેલ છે.



# વ્હીકલ ચોરીના આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

## વ્હીકલ ચોરી ના આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતો દાણીલીમડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમા બનતા મીલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આઇ.એ.ઘાસુરા પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ.ધર્મરાજ યુવરાજ બ.નં.૮૬૯૮ તથા અ.પો.કો.રફીક યુનુસભાઈ બ.નં.૪૪૯૮ તથા અ.પો.કો.વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૧૪૫૮ તથા પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં.૫૬૮૮ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો. વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૧૪૫૮ તથા પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં.૫૬૮૮ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી અરબાજખાન સ/ઓ અસલમખાન પઠાણ ઉ.વ.૨૪ રહે. મ.નં.૧ ગલી નં.૨ સરતાજનગર બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર નાને ચોરીના એક્ટીવા નં.જીજે-૨૭-એકે-૮૦૫૭ કિ,રૂ,૧૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન પાર્ટ એ નં.૧૧૧૯૧૦૧૨૨૦૦૭૪૩/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ-૩૭૯ મુજબ નો ગુનો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢેલ છે.

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

## છેલ્લા દશેક મહિનાથી બળાત્કાર અને એટ્રોસીટીના ગુનામાં નાસતો ફરતો આરોપી પકડી પાડતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારના નાસતા આરોપીઓ પકડવા અંગેની ડ્રાઇવ રાખવામાં આવેલ હોય જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આઇ.એ.ઘાસુરા પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા અ.પો.કો.રફીક યુનુસભાઈ બ.નં.૪૪૯૮ તથા અ.પો.કો.વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૧૪૫૮ તથા પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં.૫૬૮૮ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો.રફીક યુનુસભાઇ બ.નં.૪૪૯૮ નાઓને મળેલ બાતમી હકીકત આધારે ઉતરપ્રદેશ આગ્રા શાહગંજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૯૧/૨૦૧૯ ધી ઇ.પી.કો.કલમ-૩૭૬,૩૨૩,૩૧૩, ૫૦૪,૫૦૬ તથા એટ્રોસીટી એકટ કલમ-૩(૨)(૫) મુજબ ના ગુનામાં છેલ્લા દશેક મહિનાથી નાસતો ફરતો આરોપી પપ્પુ સ/ઓ કલવા જાતે ઉસ્માની (મુસ્લિમ) ઉ.વ.૩૩ હાલ રહે : એ/૬ સંજરપાર્ક બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર તથા મુળ વતન રહે : રમજાની મસ્જિદની પાસે ન્યુ આઝમ પાડા થાના શાહગંજ આગ્રા ઉતરપ્રદેશ નાને પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરી સદરી આરોપીને ઉતરપ્રદેશ આગ્રા શાહગંજ પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરેલ છે.

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :-

## ડભોડા પોલીસ સ્ટેશનના આર્મ્સ એક્ટના નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડતી એરપોર્ટ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર -૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન ૪, અમદાવાદ શહેરનાઓની સુચનાથી તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડીવીઝન અમદાવાદ શહેર તથા સિનીયર પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે.સી.રાઠવા એરપોર્ટ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ નાસ્તા ફરતા આરોપીઓ પકડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અ.પો.કો. અલ્પેશસિંહ ભવાનસિંહ નાઓની બાતમી હકિકત આધારે ડભોડા પોલીસ. સ્ટેશન ગુ.ર.નં -૧૧૨૧૬૦૦૪૨૦૦૨૮૬/૨૦૨૦ ધી આર્મસ એક્ટ ૨૦૧૬ ના નિયમ-૩૨ તથા આર્મ્સ એક્ટ ૧૯૫૯ ને કલમ – ૩૦ તથા ધી ઈ.પી.કો .કલમ ૧૧૪ મુજબના કામે નાસ્તા ફરતા આરોપી ચંદરભાઈ ઉર્ફે ચંદુ S/O કનૈયાલાલ ભગતાણી ઉ.વ.૪૦ ધંધો-વેપાર રહે.મ.નં.૨૭૪/એ, સિંધી કોલોની, સાંઈબાબા મંદીર પાસે, સરદારાનગર અમદાવાદ શહેર નાની આજરોજ તા.૦૭/૦૭/૨૦૨૦ ના કલાક ૧૪/૩૦ વાગે CRPC ૪૧ (૧)(આઈ) મુજબ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**આરોપીનુ નામ સરનામુ -:** ચંદરભાઈ ઉર્ફે ચંદુ S/O કનૈયાલાલ ભગતાણી ઉ.વ.૪૦ ધંધો-વેપાર રહે.મ.નં.૨૭૪/એ, સિંધી કોલોની, સાંઈબાબા મંદીર પાસે, સરદારાનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધીકારી/કર્મચારીનુ નામ -:** (૧) પો.સ.ઈ. જે.જે.ચૌધરી (૨) મ.સ.ઈ. સુરેશભાઈ લક્ષ્મણભાઈ બ.નં.૭૯૩૩ (૩) અ.પો.કો.અલ્પેશસિંહ ભવાનસિંહ બ.નં.૪૧૪૦ (૪) અ.પો.કો. બળવંતસિંહ કનુસિંહ બ.નં ૩૧૧૫ (૫) અલો.ર. નરેશકુમાર જેસિંગભાઈ બ.નં ૧૧૩૮૮



# રેતી ખનનના આરોપીની અટકાયતની વિગત

**"કે" ડીવીઝન :-**

## ખનન કરેલ રેતી, વાહનો, તથા રેતી ખનન કરનાર ત્રણ ઇસમોને અંદાજીત કિંમત રુપિયા એક કરોડ પંદર લાખના મુદ્દામાલ સાથે પકડી પાડતી મદદનીશ પોલીસ કમિશ્નર "કે" ડિવીઝનની કચેરી

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચનાથી સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી મિલાપ પટેલ "કે" ડિવીઝન નાઓ "કે" ડિવીઝન સરકારી વ્હીકલમાં ફરજ બજાવતા ડ્રાઇવર પ્રદિપસિંહ અરવિંદસિંહ બ.નં-૧૧૬૫ તથા ગનમેન પો.કો. સરમણભાઇ કાળાભાઇ બ.નં-૧૫૦૧ તથા "કે" ડિવીઝન ટીમના અ.હે.કો. શફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં-૮૭૩૪ તથા પો.કો. હર્ષદસિંહ ગંભીરસિંહ બ.નં-૪૭૮૫ નાઓ સાથે તા-૦૭/૦૭/૨૦૨૦ ના રોજ "કે" ડિવીઝન વિસ્તારમાં નાઇટ રાઉન્ડમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન માહિતી મળેલ કે, નારોલ પો.સ્ટે. વિસ્તારના ગ્યાસપુર ગામ પાસે આવેલ સાબરમતી નદીના પટમાંથી કોઇપણ પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ખનન કરી રેતી ચોરી હાલમાં થઇ રહેલ છે. જે માહિતી આધારે સદર જગ્યાએથી કુલ-૦૬ આઇવા ટ્રક તથા એક ટ્રેકટર એમ રેતી ભરેલ વાહનો સહીત કુલ્લે-૦૭ વાહનો સાથે ૦૩ ઇસમોને અંદાજીત કિંમત રુપિયા-૦૧,૧૫,૦૦,૦૦૦/- (એક કરોડ પંદર લાખ) ના મુદ્દામાલ સાથે પકડી પાડી આગળની કાર્યવાહી સારુ ખાણ ખનિજ અમદાવાદ વિભાગ નાઓને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

# પાસા અટકાયતની વિગત

## રાણીપ પોલીસ સ્ટેશન :-

## રાણીપ પો. સ્ટે. દ્વારા પ્રોહીબીશન સબંધી ગુનો કરતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ ના માર્ગદર્શન હેઠળ તથા હુક્મ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં ચોરી છુપીથી પ્રોહીબીશન ની પ્રવુત્તીઓ આચરતા ઇસમો ની આ પ્રવુતિ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં ૨૬૦.૫ લીટર દેશીદારુ ના જથ્થા સાથે પ્રોહીબીશન ના ગુનામા પકડાયેલ ઇસમ (૧)હિમ્મત ઉર્ફે ફતેજી રમેશભાઇ ઠાકોર ઉં.વ.૩૫ રહે.જે.પી.ની ચાલી ,કેશવનગર સાબરમતી અમદાવાદ શહેર નાને પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા હુકમ નંબર ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૦૬/૨૦૨૦ તા.૨૯/૦૬/૨૦૨૦અન્વયે પાસા હેઠળ અટકાયત કરી આરોપીને પાસા હુકમની બજવણી કલાક ૨૨/૦૦ વાગ્યે કરી મધ્યસથ જેલ સુરત ખાતે અટકાયતમાં રહેવા સારુ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.



## રાણીપ પોલીસ સ્ટેશન :-

## રાણીપ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશન સબંધી ગુનો કરતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત.

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ ના માર્ગદર્શન હેઠળ તથા હુક્મ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં ચોરી છુપીથી પ્રોહીબીશન ની પ્રવુત્તીઓ આચરતા ઇસમો ની આ પ્રવુતિ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં ૧૨૯ લીટર દેશીદારુ ના જથ્થા સાથે પ્રોહીબીશન ના ગુનામા પકડાયેલ ઇસમ (૧) રમેશ કાળુજી ઠાકોર ઉં.વ.૩૨ રહે: પ્રતાપજી ની ચાલી મદ્રાસી ના છાપરા,કેશવનગર રાણીપ અમદાવાદ નાને પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા હુકમ નંબર ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૪૩૮/૨૦૨૦ તા.૭/૦૭/૨૦૨૦અન્વયે પાસા હેઠળ અટકાયત કરી આરોપીને પાસા હુકમની બજવણી કલાક ૨૨/૦૦ વાગ્યે કરી લાજપોર જેલ સુરત ખાતે અટકાયતમાં રહેવા સારુ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.



## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી એ.કે.પટેલ નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં તથા આજુબાજુના વિસ્તારમાં નકલી હીરા વેચીને છેતરપીંડી કરતો ઈસમ બાબુભાઈ સ/ઓ ઉકાજી જાતે:ભાટી ઉ.વ.૪૭ રહે:હાલ મ.નં.૩૩/૧ સેકટર-૨૫ ગાંધીનગર મુળ રહે:લુર ગામ તા.જશવંતપુરા જી:ઝાલોર રાજસ્થાનના વિરુદ્ધ નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૯૮/૨૦૧૮ ઈ.પી.કો. કલમ:૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ તથા શાહીબાગ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૦૭/૨૦૧૯ ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૪૩/૨૦૨૦ તા.૦૭/૦૭/૨૦૨૦ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની

તા.૦૮/૦૭/૨૦૨૦ ના કલાક:૧૫/૪૫ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ,લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે .

**આરોપીનું નામ:** બાબુભાઈ સ/ઓ ઉકાજી જાતે:ભાટી ઉ.વ.૪૭ રહે:હાલ મ.નં.૩૩/૧ સેકટર-૨૫ ગાંધીનગર મુળ રહે:લુર ગામ તા.જશવંતપુરા જી:ઝાલોર રાજસ્થાન

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:**

(૧) પો.સ.ઈન્સ આર. પી. ડાભી તથા સર્વલન્સ ટીમના માણસો

(૨) ASI વિરેન્દ્રસિંહ મકુભા બ.નં.૭૬૯૮ (૩) WLRD નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪

(૪) LRD. પરેશકુમાર અણદાસભાઇ.બ.નં.૧૧૮૫૩



## ગુના નિવારણ શાખા :-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૭.૦૭.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી, મિલક્ત સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તાર પોતાના સાગરિતો ની મદદગારીથી ફરીયાદીને વિશ્વાસમા રાખી મહીંન્દ્રા કંપનીની સ્કોર્પીયો કારમા ફરવા જવુ છે તેમ જણાવી ગાડીની આરસીબુક તથા અસલ કાગળો લઈ જઈ ફરીયાદીની જાણ બહાર સ્કોર્પીયો ગાડી સાહેદને વેચાણ કરનાર તથા અન્ય કિસ્સામા ફરીયાદીની ઓફિસે આવી વ્યાજે પૈસા આપવા બાબતે ફરીયાદી તથા સાહેદોની સાથે બોલાચાલી અને ઝઘડો કરી મારામારી કરનાર માથાભારે અને ઝનુની સ્વભાવ ધરાવનાર ઈસમ નામે ધર્મેન્દ્ર ઉર્ફે ધમો બાદશાહસિંહ પરિહાર રહેવાસી- મ.ન.૭૦૬ કુંભાજીની ચાલી ઓમપ્રકાશ શર્માની લાઈન મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ- પીપરોલી ગહીયા તા.હનુમાનપુરા જિ.ઈટાવા ઉતરપ્રદેશ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ધર્મેન્દ્ર ઉર્ફે ધમો બાદશાહસિંહ પરિહાર રહેવાસી- મ.ન.૭૦૬ કુંભાજીની ચાલી ઓમપ્રકાશ શર્માની લાઈન મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ- પીપરોલી ગહીયા તા.હનુમાનપુરા જિ.ઈટાવા ઉતરપ્રદેશ |

અમદાવાદ શહેરના શાહપુરપોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે એક્સંપ થઈ ગે.કા.મંડળી રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારુ ફરીયાદી તથા સાહેદા સાથે પૈસની લેતીદેતી બાબતે બોલાચાલી અને ઝઘડો કરી બિભત્સગાળો બોલી લોખંડની પાઈપ વડે ફરીયાદી અને સાહેદોને માર મારી શરીરે ઈજાઓ પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ બીજા કિસ્સામા હાલમા કોરોના બીમારી અનુસંધાને સરકાર તરફથી લોકડાઉનની જાહેરાત કરવામા આવેલ જેનો અમલ કરાવવા સારુ ફરીયાદી તથા સાહેદ પોતાનીફરજ પર હાજર હતા તે દરમ્યાન ફરીયાદી તથા અન્ય પોલીસ કર્મચારીઓ સાથે બોલાચાલી અને ઝઘડો કરી ફરીયાદીની કાયદેસરની ફરજ્મા રુકાવટ ઉભી કરી વર્ધી ઉતરાવી દઈશ તેવી ધમકી આપનાર માથાભારે અને માથાભારે અને ઝનુની સ્વભાવ ધરાવનાર ઈસમ નામે માજીદહુસેન ઈકબાલહુસેન શેખ (માજીદ ઠાકોર) રહેવાસી- ૨૬૯૨ કાગદીવાડ લીમવાડી મસ્જીદની સામે શાહપુર વડ શાહપુર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | માજીદહુસેન ઈકબાલહુસેન શેખ (માજીદ ઠાકોર) રહેવાસી- ૨૬૯૨ કાગદીવાડ લીમવાડી મસ્જીદની સામે શાહપુર વડ શાહપુર અમદાવાદ |

આ ઉપરાંત પ્રોહીબીશન તથા મિકલ્ત સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય **૧૧** ઇસમો મળી **કુલ્લે ૧૩ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત, જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૨૪/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૩૩૩ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૨૫/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ત્યજી દીધેલ મૃત ભ્રૂણ મળી આવવા બાબતઃ- સમાચાર યાદી નં.૧૧૨૬/૨૦૨૦

**મણીનગરઃ** તા.૦૭/૦૭/૨૦૨૦ કલાક ૬/૩૫ વાગે મણીનગર આવકાર હોલ રાજદીપ હીરો સર્વીસ સેન્ટર સામેથી ત્યજી દીધેલ ભ્રૂણ મૃત હાલતમાં મળી આવતા મણીનગર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એસ.ગઢવી ચલાવે છે.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૨૭/૨૦૨૦

**એરપોર્ટઃ (૧)** સમીર સ/ઓ દેવીદયાલ શર્મા (ઉ.વ.૨૭) (રહે. ખોડિયાર સોસાયટી હાંસોલ) એ તા.૦૭/૦૭/૨૦૨૦ નારોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૧૨/૨૦૧૯ સાજના ૬/30 વાગ્યાના સુમારે manjeetsingh નામની આઈ.ડી. ધરાવતી વ્યક્તિએ ઓએલએક્સ એપ ઉપર એક્ટીવા નંબર જીએચ ૦૬ કેસી ૨૬૧૦ ના ફોટા મુકી કિમત રૂપિયા ૧૬,000/- વેચાણમાં મુકતા ખરીદી માટે સમીર શર્માએ સંપર્ક કરતા મોબાઈલ નંબર ૬૦૦૨૩૬૯૭૭૪, ૮૬૦૭૩૮૩૯૪૭, ૮૨૯૫૮૫૫૯૬૭ ના ધારકે તા.૦૨/૧૨/૧૯ સાજના ૬/30 વાગે સમીર શર્માના મોબાઇલ ફોન ઉપર ફોન કરી પોતે આર્મી હનુમાન કેમ્પમાંથી બોલતા હોવાનુ જણાવી આર્મીને લગતા આઇ.ડી.કાર્ડ સમીર શર્માને વોટસએપ કરી વિશ્વાસમા લઈ પૈસા પાછા આપવાની લાલચ આપી સમીર શર્માના તેમજ સમીર શર્માના ભાઇના ફોન-પે, ગુગલ-પે તથા ભીમ એસ.બી.આઇ-પે મારફતે ઓનલાઇન અલગ-અલગ ટ્રાન્જેકશન કરાવી સમીર શર્મા પાસેથી કુલ રૂપિયા ૧,૪૪,૯૯૫/- ઓનલાઇન ટ્રાન્જેકશન કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.સી.રાઠવા ચલાવે છે.

**એરપોર્ટઃ (૨)** સત્યેન્દ્રસિંગ મહેન્દ્રસિંગ રાજપુત (ઉ.વ.૪૪) (રહે.રબારીવાસ હાંસોલ સરદારનગર) એ તા.૦૭/૦૭/૨૦૨૦ નારોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૩/૨૦૨૦ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૬૨૮૯૫૪૩૬૯૭ ના ધારકે સત્યેન્દ્રસિંગ રાજપુતના મોબાઈલ પર ફોન કરી પોતે બ્લ્યુડાર્ટ કસ્ટમર કેરમાંથી બોલુ છુ તેમ કહી વિશ્વાસમાં લઈ જલ્દી પાનકાર્ડ કુરિયર મોકલી આપવાની લાલચ આપી સત્યેન્દ્રસિંગ રાજપુતના મોબાઇલ ફોન ઉપર લિંક મોકલી ગુગલ પે મારફતે રૂપિયા સાતનુ ઓનલાઇન ટ્રાન્જેકશન કરાવી સત્યેન્દ્રસિંગ રાજપુતના ખાતામાંથી અલગ-અલગ ઓનલાઇન ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૨,૯૯,૯૯૪/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.સી.રાઠવા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૮/૨૦૨૦**

**વાડજઃ** ચંદ્રકાંત ગોપાલદાસ સોની (ઉ.વ.૬૦)(રહે.કૃષ્ણનગર સોસાયટી નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૭/૨૦૨૦ બપોરના ૧૨/૪૫ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન નવા વાડજ વેનિસ સોસાયટી દુકાન નં-૧૩/એ ખાતે સોનાની ચેઇન કિમત બનાવડાવવાનુ જણાવી ચંદ્રકાંત સોનીની નજર ચુકવી દુકાનમાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદભાઇ વિરમભાઇ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૯/૨૦૨૦**

**ઇસનપુરઃ** કુંજલભાઇ હસમુખભાઇ પટેલ (ઉ.વ.૪૦) (રહે. સુમન સજની સોસાયટી જયંત પાર્ક સોસાયટીની બાજુમાં ઘોડાસર ઇસનપુર) તા.૩૦/૦૬/૨૦૨૦ ના કલાક ૦૬/૪૫ વાગે ઇસનપુર ભાડુઆતનગર શાક માર્કેટ પાસે અમુલ પાર્લર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગની મોટર સાઇકલ ઉપર આવેલ બે પુરૂષ કુંજલભાઇ પટેલના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કુંજલભાઇ પટેલે તા.૦૭/૦૭/૨૦૨૦ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.ચાવડા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૩૦/૨૦૨૦**

**આનંદનગરઃ** જયેશભાઇ બળદેવભાઇ પરમાર (ઉ.વ.૨૯) (રહે. કૃષ્ણધામ ઔડાના મકાનમા વિભાગ વેજલપુર આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૦ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે હિંચકાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેનદ્રસિહ ભીખુભા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી